


"જોરદાર સપાટો બોલાવ્યો હોં..!!"

"હં..! એટલે અમદાવાદની જ વાત કરો છોને..?!"

"હા... હા..! અમદાવાદની જ વાત કરીએ છીએ..! સરસ લાગે છે હવે..! દબાણમુક્ત અમદાવાદ, ટ્રાફિક મુક્ત અમદાવાદ..! કહેવું પડે..!"

"વાહ...વાહ..! આજ તો તમે અમારા વખાણ કરો છો..?! અમારી કામગીરીને બિરદાવો છો..?!"

"જો ભાઈ..! સારૂ હોય એટલે સારૂ કહેવું જ પડે..! પણ તમે ખોટો જશ ના લેશો..! કર્યુ બન્ને કમિશ્નરે... દૃષ્ટિ એમની, શક્તિ એમની અને કૌશલ્ય એમનું... તમે નાહકના 'શકટનો ભાર જેમ..!!"

"ખરા છો સાહેબ તમે..! યોગ્ય વ્યક્તિને યોગ્ય કામ આપવું એ જ નેતૃત્વની લાક્ષણિકતા છે..! કેમ... રૂપાણી સાહેબ દબાણ હટાવવા આવે કે નિતિનભાઈ ટ્રાફિક ગોઠવે..! તો જ અમારી સરકારનું કામ કહેવાય..?! રાજ્યમાં ક્યાંય પણ સારૂ કામ થાય એટલે તેનો યશ સરકારને જ મળે..!!"

"... અને ખોટુ કે ખરાબ થાય તે પણ સરકાર ખાતે જ ને..?!"

"હા... હા..! એ તો ૨ વત્તા ૨ જેવી વાત છે."

"તો આ મગફળીકાંડના ભ્રષ્ટાચારની જવાબદારી સરકારની ખરી કે નહીં..?! કેમ હજી ખોંખારીને બોલતા નથી..?! તંત્રમાં ચાલતા ભ્રષ્ટાચાર અને ગેર વહીવટની જવાબદારી પણ સરકારની જ ને..?!"

"રહેવા દો હવે..! તમે પાછી એની એ જ કેસેટ ચાલુ કરશો..! ખુબ જુની થઈ ગઈ... ઘસાઈ ગઈ..! નવું કંઈક વિચારો તો તમારી દુકાન ચાલશે... નહિ તો ૧૯મા તો શોધ્યાય નહીં જડો..!"

"ઓ હો હો..! આટલો બધો અહંકાર... દબાણો થવા દીધા તમે, ટ્રાફિક જામ તમે થવા દીધો, ૨૬-૨૬ વરસ કશુ ઉકાળ્યું નહિ અને હવે બે અધિકારીઓએ હિંમતપૂર્વક કામગીરી કરી એમાં તો તમે ૧૯ની બીક બતાવો છો..?! જો જો તો ખરા મોઢે ફીણ ના લાવીએ તો કે'જો..!!"

"આવું તો તમે કર્ણાટકમાં કેતા'તા જ ને ?! પણ શું થયું...? જોયું નહિં..? તમારી સરકાર આવી શકી ત્યાં..?!"

"ના ના..! તે તમારીયે ક્યાં આવી..! અમારા ટેકાવાળી સરકાર બની..! અને તમારે તો વિરોધ પક્ષમાં બેસવાનું આવ્યું..! એટલામાં સમજી જાવ..!! સમજદાર કો ઈશારા કાફી હૈ..!"

"ઓ હો હો હો..! કર્ણાટકમાં જીત્યા નહીં ને જીતવા દીધા નહીં... અને છતાંય આટલો રૂવાબ..! તમારી બેઠકો વધારે આવી તોય તમારે ટેકો આપવાનો આવ્યો... એમાં કંઈ તમે ધાડ નથી મારી..!!"

"એ તો તમારે જે કહેવું હોય એ કહોને..! તમને સત્તા ઉપર આવતા રોકી તો શક્યાને..?! આ તો માત્ર ટ્રેલર હતું... પિક્ચર ૧૯માં જોજો..!!"

"આટલા બધા હવામાં ના આવો..! ડંકાની ચોટ ઉપર કહું છું ૨૦૧૯માં ભાજપના નેતૃત્વવાળા એનડીએની સરકાર બનશે..!"

"જોઈએ હવે..! આપણે ખોટા ઉશ્કેરાઈ જઈએ છીએ..! નાહકના દેકારા ને પડકારા કરીએ છીએ. એનડીએ આવે કે યુપીએ આવે કે મહાગંઠબંધન આવે દેશમાં વિકાસ અને કલ્યાણના કામો પ્રમાણિકતાથી થાય એવી સરકાર રચાય એમ પ્રજા ઈચ્છે છે..! ખરૂ ને...?!"

"હા... સાહેબ હા..!!"



ડોમ બેઠક - સ્થાપત્ય કલાનો અનોખો પ્રયોગ એટલે સેક્ટર-૨૭ના જાહેર ઉદ્યાનમાં એક અલગ પ્રકારની બેઠક બનાવાઈ છે... પ્રતિકાત્મક ડોમના આકારમાં કરાયેલ બેઠક વ્યવસ્થા આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. સેક્ટર-૨૭નો બગીચો સેક્ટરની મધ્યમાં હોવાથી વસાહતીઓ વ્યાપક પ્રમાણમાં લાભ લે છે... બગીચાના નવીનીકરણમાં અનેક નવા સાધનો તથા બાળકોને ઉપયોગી રમતો પણ મુકાઈ છે... અને સાથોસાથ વડીલોને બેસવા માટે વૈવિધ્યપૂર્ણ બેઠકોનું નિર્માણ કરાયું છે...

# કુડાસણ અને સરગાસણ વિસ્તારમાંથી એક દુકાન સહિત ૫૦ દબાણો દુર કરાયા

ગાંધીનગર તા ૭

ગુડા દ્વારા આજે દબાણ હટાવ ઝુંબેશના ભાગરૂપે કુડાસણ - સરગાસણ વિસ્તારમાંથી પાર્કીંગ શેડ તેમજ માર્જિનની જગ્યામાંથી દુકાન તેમજ ટોઈલેટ બ્લોકનુ બાંધકામ દુર કરવામાં આવ્યુ હતુ. દબાણ તંત્ર દ્વારા ૫૦ જેટલા શેડ પણ દુર કરાયા હતા. કોર્મશિયલ કોમ્પલેક્ષ આસપાસની જગ્યામાં દબાણોની ભરમાર જોવા મળી હતી . જો કે આ તમામ દબાણો તંત્ર દ્વારા દુર કરાયા હતા.

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા સરગાસણ , કુડાસણ અને ગાંધીનગર કોબા સહીતના વિસ્તારમાંથી દબાણો દુર કરવા માટે છેલ્લા ચાર દિવસથી ઝુંબેશ હાથ ધરાઈ છે. જેમાં કાચા અને પાકા દબાણો પર તંત્ર દ્વારા બુલડોઝર ફેરવી જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી છે. આજે સરગાસણ તેમજ કુડાસણ વિસ્તારમાંથી ૫૦ જેટલા શેડના દબાણો દુર કરાયા હતા. જયારે વસંત વિહાર માર્જિનની એક દુકાન અને એક ટોઈલેટ બ્લોકનુ દબાણ પણ દુર કરવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત અન્ય કોર્મશિયલ બિલ્ડીંગો તેમજ રહેણાંકના વિસ્તારમાં સ્થિત શોપિંગ સેન્ટરોમાંથી પણ દબાણો દુર કરવામાં આવ્યા હતા. શહેરી વિસ્તારમાં દબાણ હટાવ ઝુંબેશના અંતે ફરી દબાણો ગોઠવાઈ જતા શહેમાં મ્યનિતંત્રની દબાણ શાખા દ્વારા પણ દબાણો દુર હટાવાયા હતા.

**પાર્કીંગમાં શેડ સહીત માર્જિનની જગ્યામાં ઉભા કરાયેલા દબાણો દુર કરાયા**

જયારે ગુડા વિસ્તારને દબાણ મુક્ત કરવા માટે હજુ દબાણ ઝુંબેશ યથાવત રહેશે. ગુડા વિસ્તારમાં સ્થિત કોર્મશિયલ કોમ્પલેક્ષો આસપાસ આડેધડ દબાણો કરી દેવાતા અનેક સમસ્યાઓ ઉદભવી છે. ગુડાએ દબાણકારો સામે એકશન લેવાનુ શરૂ કરતા સ્થાનિકોમાં પણ ફફડાટ પ્રવર્તયો છે.

# દબાણમુક્ત જમીનોનો કબ્જો સંબંધિત વિભાગોને સંભાળી લેવા તાકિદ

**રખડતા પશુઓને પકડવાની કામગીરી સઘન બનાવવા સૂચના : આરોગ્ય-સ્વચ્છતા તેમજ પાર્કિંગના મુદ્દાઓ પણ અમલી બનાવવા સૂચના**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેર અને જિલ્લામાં દબાણમુક્ત થતી જમીનો જે વિભાગ હસ્તકની હોય તેમને કબ્જો મેળવી અને પુનઃ દબાણ ઉભુ ના થાય તે જોવુ એટલુ જ નહિ જો એ જ જગ્યાએ દબાણ થશે તો જે તે સંબંધિત અધિકારી સામે જવાબદારી નક્કી કરી આગળની કાર્યવાહી હાથ ધરાશે તેવી કડક ચેતવણી આજે સમીક્ષા બેઠક દરમ્યાન આપવામાં આવી છે.

જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે મળેલી સમીક્ષા બેઠકમાં દબાણો હટાવવાની કાર્યવાહી સઘન બનાવવા પર ભાર મુકવામાં આવ્યો હતો. ટ્રાફિકને અડચણરૂપ થતા દબાણો દૂર

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયતમાં સમિતિઓની રચનાના મુદ્દે કોંગ્રેસમાં ઉકળતો ચરૂ

**પ્રદેશ નેતાઓ ઘડેલી ફોર્મ્યુલાનો અમલ કરે તેવી માંગ : નવમીએ જિલ્લા પંચાયતની સમિતિઓની રચનાને મુદ્દે કોંગ્રેસની બેઠક : ભાજપે પણ સમિતિઓની રચનામાં ભાગ માંગવાની ઘડેલી વ્યુહરચના : માહોલ ગરમાયો**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનર જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓની રચનાને મુદ્દે કોંગ્રેસ પક્ષમાં ઉકળતા ચરૂ જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે ત્યાં ભાજપે પણ પ્રોરેટા મુજબ તેમના પક્ષના સભ્યોને સમિતિમાં સ્થાન આપવાની માંગણી કરવાના કરેલા નિર્ણયથી કોંગ્રેસમાં વધુ એક વખત બળવાના સંકેતો મળી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા પંચાયતની રચના વખતે કોંગ્રેસના બન્ને જૂથોને સાથે લાવવા ઘડાયેલી ફોર્મ્યુલાનો અમલ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. આ ફોર્મ્યુલા ઉત્તર ગુજરાતના પ્રભારી લાખાભાઈ ભરવાડની ઉપસ્થિતિમાં તૈયાર થઈ હતી. ત્યારે એક જૂથને પ્રમુખપદ

● અનુસંધાન પાન-૭ પર

# લારી ગલ્લાના બદલે વાહનોમાં દુકાનો ધમધમતી થઈ આર ટી ઓ તંત્રનુ મૌન

ગાંધીનગર તા ૭

ગાંધીનગર શહેરને દબાણ મુકત કરવા માટે છેલ્લા કેટલાક દિવસોથી મ્યુનિતંત્રની દબાણ ટીમે ઝુંબેશ હાથ ધરી છે. જયારે શહેરના મુખ્ય માર્ગો સહીતના વિસ્તારમાંથી દબાણોનો સફાયો કર્યો છે. આ સ્થિતિ વચ્ચે દબાણકર્તાઓમાં પણ ફફડાટ પ્રવર્તયો છે. દબાણકારોએ હવે લારી ગલ્લા મુકીને વાહનોમાં અડ્ડો જમાવ્યો છે.ત્યારે આર ટી ઓ તંત્ર પણ આ મામલે આંખ આડા કાન કરતા શહેરમાં દબાણની સમસ્યા વધુ પેચીદી બની છે.

શહેરમાં દબાણ હટાવ ઝંબેશ અન્વયે તંત્રની ટીમે સફાયો બોલાવતા મુખ્યમાર્ગો આસપાસ દબાણો જોવા મળતા નથી. જો કે ઝુંબેશના અંતે દબાણકારાએ ફરી મુળજગ્યાએ અડ્ડો જમાવાનુ શરૂ કરતા દબાણતંત્ર ફરી એકવાર હરકતમાં આવ્યુ છે. તંત્રની આ કડક દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન દબાણકર્તાઓએ સેકટરોના આંતરિક માર્ગો પર ગોઠવાઈ ગયા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.જયારે આ ઠેકાણેથી પણ દબાણો દુર કરવા માટે તંત્રએ ગતિવિધિઓ આરંભતા આખરે દબાણકારો થોડા દિવસ માટે અદ્રશ્ય થઈ ગયા હતા. પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી લારી ગલ્લાના સ્થાને વાહનોમાં દુકાનો ધમધમતી હોવાનુ ધ્યાને આવતા આ વાતને ગંભીરતાથી લઈ જિલ્લા કલેકટર તેમજ પોલીસ તંત્ર કક્ષાએથી આ પ્રકારના દબાણોને અનુલક્ષી આર ટી ઓ તંત્રને પણ જરૂરી સુચના આપી હતી પરંતુ હજુ સુધી આ મામલે આર ટી ઓ તંત્ર કક્ષાએથી કોઈ કામગીરી થઈ નથી. ટ્રાફિક તંત્ર દ્વારા નોટીસ આપી દંડ વસુલવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. પરંતુ આર ટી ઓ કક્ષાએથી કોઈ એકશન ન લેવાતા દબાણકર્તાઓને મોકળુ મેદાન મળી રહયુ છે શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના રીંગ રોડ સહીતના વિસ્તારમાં વાહનોમાં વેપાર ધંધા કરવાનો ટ્રેન્ડ મજબુત બની રહયો છે. લારી ગલ્લાના સ્થાને દબાણનુ સ્થાન વાહનોએ લીધુ છે. દબાણનુ સ્વરૂપ બદલાયુ છે. જયારે આ અન્વયે યોગ્ય કાર્યવાહી થાય તે અનિવાર્ય હોવાનુ પણ જાગૃત નાગરિકો માની રહયા છે.






# ખેડૂતોને હવે, ૧૦ કલાક વિજળી અપાશે

**ખેડૂતોના હિતને ધ્યાનમાં સરકારનો નિર્ણય : ૭૩૦૮ ફીડરોના આશરે ૧૫ લાખ ખેડૂતોને લાભ મળશે સરકાર ઉપર પ્રતિમાસ ૨૫૦ કરોડનું ભારણ વધી જશે**

અમદાવાદ,તા.૪

રાજ્યના ઊર્જા મંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું છે કે, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વની સંવેદનશીલ સરકારે વરસાદ ખેંચાતા જ ખેડૂતોના વિશાળ હિતને ધ્યાને લઈ તાત્કાલિક ધોરણે પ્રતિદિન આઠ કલાકને બદલે દસ કલાક વીજળી આપવાનો ખેડૂતલક્ષી નિર્ણય કર્યો છે. ઊર્જા મંત્રીએ જણાવ્યું હતું કે, વરસાદ ખેંચાતા ખેતરના ઊભા પાકને પાણી આપવાની જરૂરીયાત ઊભી થતાં રાજ્ય સરકારે ખેડૂતોના વિશાળ હિતને ધ્યાને લઈને પ્રતિદિન આઠ કલાકને બદલે દસ કલાક વીજળી આપવાનો નિર્ણય કર્યો છે. જેનાથી રાજ્યભરના ૭૩૦૮ કૃષિ ફીડરોના ૧૫ લાખ જેટલા ખેડૂતોને તાત્કાલિક ધોરણે લાભ મળશે.

મંત્રીએ એમ પણ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના આ નિર્ણયથી ઉત્તર ગુજરાતના ૨૮૬૩ ફીડરો, પશ્ચિમ ગુજરાતના ૩૪૭૧ ફીડરો, મધ્ય ગુજરાતના ૬૧૮ અને દક્ષિણ ગુજરાતના ૩૫૬ ફીડરો મળી રાજ્યભરના કુલ ૭૩૦૮ કૃષિલક્ષી ફીડરોના અંદાજે ૧૫ લાખ ખેડૂતોને આ લાભ મળશે. રાજ્ય સરકારના આ નિર્ણયને જણાવ્યું હતું કે, હાલ રાજ્યમાં પ્રતિદિન ૬.૮ કરોડ યુનીટ વધારાના ૧.૨ કરોડ યુનિટ વીજળી વપરાશે.



કારણે રાજ્ય સરકાર ઉપર પ્રતિ માસ ૨૦૦ થી ૨૫૦ કરોડનું આર્થિક ભારણ આવશે તેમ જણાવતાં ઊર્જા મંત્રીએ કૃષિ ક્ષેત્રે વીજ વપરાશની વિગતો આપતા વીજળી કૃષિ ક્ષેત્રે આપવામાં આવે છે. રાજ્યમાં આઠ કલાકને બદલે વધારાના બે કલાક એટલે કે દસ કલાક વીજ પુરવઠો આપવાના રાજ્ય સરકારના નિર્ણયથી

આમ કૃષિ ક્ષેત્રે દૈનિક આઠ કરોડ યુનિટ વીજળી આપવામાં આવશે. જે અત્યાર સુધીમાં રાજ્યમાં કૃષિ ક્ષેત્રે અપાતો સૌથી વધુ વીજ પુરવઠો છે.

# નરોડા - દહેગામ માર્ગને પહોળો કરવા માટે ટુંકમાં કામ હાથ ધરાશે

**રૂટમાં ખારી અને નર્મદા કેનાલને અનુલક્ષી બે બ્રિજ બનાવાશે : માર્ગને ૧૦માં થી ૧૪ મીટર પહોળો કરવામાં આવશે : અંદાજિત ૫૧ કરોડનો ખર્ચ થશે**

ગાંધીનગર તા ૭

ગાંધીનગર જિલ્લામાં વિવિધ માર્ગોને પહોળા કરવા માટે તબક્કાવાર કામો હાથ ધરવામાં આવે છે. માર્ગ પર દોડતા વાહનોની સંખ્યા વધતા માર્ગ સલામતીને લગતી અનેક સમસ્યા પણ ઉદભવી છે. ત્યારે આ સ્થિતિ નિવારવા માટે નરોડા દહેગામ માર્ગને પણ ૧૦ માંથી ૧૪ મીટર પહોળો કરવા માટે રૂ ૫૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે રૂટમાં ખારી અને નર્મદા કેનાલ પર બે બ્રિજનુ પણ નિર્માણ કરવામાં આવશે.

ગાંધીનગર શહેર ઉપરાંત જિલ્લાના વિવિધ માર્ગોના નવિનીકરણનુ પણ તબક્કાવર કામ હાથ ધરવામાં આવી રહયુ છે. માર્ગો પર ટ્રાફિકનો ધમધમાટ વધવાની સાથે રોડ નેટવર્કને પણ અપગ્રેડ કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવે છે. જેમાં શહેર ઉપરાંત જિલ્લાને જોડતા વિવિધ માર્ગોની સુધારણા પણ કરવામાં આવી રહી છે. માર્ગ સલામતીની દ્રષ્ટીએ રસ્તા પહોળા કરવા અનિવાર્ય બન્યા છે. માર્ગ પર ટ્રાફિકનુ ભારણ વધતા જિલ્લાને જોડતા અનેક માર્ગો પર જોખમી સ્થિતિનુ નિર્માણ થાય છે. જેને અનુલક્ષી માર્ગ મકાન વિભાગ દ્વારા રસ્તાના કામો માટે તબક્કવાર આયોજન કરવામાં આવી રહયુ છે. દહેગામ નરોડા રખિયાલ માર્ગને પણ પહોળો કરવા માટે

● અનુસંધાન પાન-૭ પર

**ગીરગાયનું દુધ**

ગીર ગાયનું શુદ્ધ સાત્વીક અને વિશ્વાસપાત્ર દુધ મેળવવા સંપર્ક કરો.

**મો. ૯૯૦૪૦ ૫૪૮૭૨**








Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com